# ત્રણ પેઢીથી કરે છે ઢોલવાદન, 400 ઢોલ અને 200 તાશાનો છે ખજાનો

Succcess મંત્ર

હિન્દી ફિલ્મોમાં હોળી પર ઘણા ગીતો બન્યા છે તેમાંના મોટાભાગના ગીતોમાં ઢોલનો જબરજસ્ત ઉપયોગ થતો જોયો છે. આજે સુરતમાં ઘણી જગ્યાઓ પર રંગોત્સવ ધૂળેટીના મોટા આયોજનો થયા છે તેમાં ફિલ્મી ગીતો પર ઢોલની તાલ સાથે ઘણા લોકો નાચગાન કરીને એકબીજાને રંગ લગાવી ધૂળેટીની મજા લેશે. હોળીના આયોજન ક્યારેક ક્યારેક ઢોલ વાદન વગર અધૂરા લાગે છે. ઢોલની વાત નીકળીજ છે તો આપણે કાદિર રહેમાન શાહને યાદ કરી લઈએ. તેઓ અને તેમના પુત્રો પણ આજે હોળીના આયોજનોમાં ઢોલ વગાડી સુરતીઓના દિલ જીતી લેવાના છે. આ પરિવારની ત્રણ પેઢી ઢોલ વાદનથી સુરતીઓના દિલોમાં રાજ કરી રહી છે. તેમની ઢોલ વાદનની કળાનો જાદુ તો હિન્દી ફિલ્મોમાં પણ જોવા મળ્યો છે. આશુતોષ રાણાની ફિલ્મ યહ કૈસા તીકડમ અને 1981માં રાજ બબ્બર અને ઝિન્નત અમાનની એક ફિલ્મમાં પણ તેમણે ઢોલ વાદન કર્યું હતું. પિતાની આંગળી પકડીને કદીરભાઈ જલગાંવથી સુરત આવ્યા. અહીં લગ્નપ્રસંગોમાં ઢોલ વગાડતા વગાડતા તેમની ખ્યાતિ સુરત બહારના શહેરોમાં કઈ રીતે પહોંચી, તેમને લોકો તરફથી કેવો રિસ્પોન્સ મળે છે, એક કાર્યક્રમમાં તેઓ કેટલા કલાક સુધી ઢોલ વગાડવાની ક્ષમતા ધરાવે છે ? તેના વિશે જાણીએ...



### 1971માં ઢોલ વગાડવાના ત્રણ કે સાડા ત્રણ રૂપિયા લેતા

કાદિરભાઈએ જણાવ્યું કે, 1971માં અમે ઢોલ વાદન માટે 3 કે સાડા ત્રણ રૂપિયા લેતા હતા. ત્યારે બે ઢોલ અને એક તાશા લઈ જતા હતા. આજે ઢોલ વાદનમાં સુરતમાં અમારું નામ પ્રચલિત બન્યું છે તો તેનું કારણ અમે લોકોની ફરમાઈશ પ્રમાણેનું ઢોલ વાદન કરીએ. જે ઘરમાં પ્રસંગ હોય તેઓ દ્વારા ક્યા કલરના અને પ્રકારના ઢોલ હોવા જોઈએ તે જણાવવામાં આવે તે પ્રમાણેના અમે ઢોલ લઈ જતા હોઈએ. ફિલ્મી ગીતોની ધૂન પર ઢોલ વાદન કરીએ છીએ.



### 400 ઢોલ અને દોઢસો-બસ્સો વર્ષ જુના તાશાનો ખજાનો છે

ઢોલ વાદક કાદીરભાઈ શાહે જણાવ્યું કે, મારી પાસે 400 ઢોલ છે. જેમાં લાઈટવાળા ઢોલ પણ છે. અને દોઢસો થી બસ્સો વર્ષ જુના 200 તાશા છે. આ તાશા મારા ફાધર પાસે હતા જેને મેં સાચવીને રાખ્યા છે. ગંગા જમુના ( પિત્તળ અને તાંબુ આ બંને ધાતુ ને મિક્સ કરીને ગંગા જમના ધાતુ બને), તાંબા, પિત્તળ, પંચ ધાતુના તાશા છે. આ તાશા અને ઢોલ મહારાષ્ટ્રની વિવિધ જગ્યાઓ પર ફરીને એકઠા કર્યા છે.

### આ શહેરોમાં વિવિધ પ્રસંગો પર વગાડ્યા છે ઢોલ

કાદિરભાઈએ જણાવ્યું મારા દીકરા અને મારા કારીગરો અમે લોકોએ ગાંધીનગર, હિંમતનગર, સૌરાષ્ટ્રમાં ભાવનગર, અમરેલી, રાજકોટ, કચ્છ ભુજ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર, ચેન્નઈમાં લગ્ન પ્રસંગોમાં, ધાર્મિક કાર્યક્રમોમાં અને ચૂંટણી પ્રચારમાં ઢોલ વાદન માટે ગયા છીએ. અમે પબ્લિકને નવું નવું આપવામાં માનીએ છીએ એટલે દર વર્ષે ઢોલમાં કાંઈક નવું કરતા હોઈએ છીએ. સુરતમાં અમે લવજી બાદશાહ, જનક બગદાણાવાળા, વલ્લભભાઈ ટોપી વગેરે પ્રતિષ્ઠિત વ્યક્તિઓના પરિવારના લગ્ન પ્રસંગોમાં ઢોલ વાદન કર્યું છે.



### ત્રણ પેઢીથી ઢોલ વગાડીએ છીએ, જલગાંવથી આવીને સુરત વસ્યા: કાદિર શાહ રહેમાન શાહ

70 વર્ષીય કાદિરભાઈએ જણાવ્યું કે મારા પિતા રહેમાન શાહ મહારાષ્ટ્રના જલગાંવથી સુરત રોજીરોટીની શોધમાં આવ્યા હતાં. ત્યારે મારી ઉંમર 12 વર્ષની હતી. મારા ફાધર પણ ઢોલ વગાડતા હતા. તેમણે સુરતમાં સ્વ. કાશીરામ રાણા, નરોત્તમ પટેલના ચૂંટણી પ્રચારમાં ઢોલ વાદન કર્યું હતું ત્યારે હું તેમની સાથે જોડાયો હતો. મારા 8 દીકરા પણ મારી સાથે ઢોલ વાદન કરે છે. શરૂઆતમાં અમે માનદરવાજા રહેતા ત્યારબાદ ઉમરવાડામાં રહ્યા અને હવે મીઠીખાડીમાં આવીને વસ્યા છીએ. મારા દીકરા કાસીમ, હાસીમ, કાબીલ, રઈસ, જુબેર, મોઈન, કૂત બો દિન અને રહેમાન પણ હવે મારી સાથે ઢોલ વાદન કરે છે. જો કોઈની આર્થિક સ્થિતિ નબળી હોય તો તેમના ઘરના પ્રસંગમાં ઢોલવાદનના અમે પૈસા નથી લેતા પણ તેઓ જે રાજીખુશીથી આપે તે અમે સ્વીકારી લઈએ છીએ. મેં રાજ્યના પૂર્વ મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલના દીકરાના લગ્નમાં ઢોલવાદન કર્યું હતું એ પ્રસંગમાં આપણા દેશના અત્યારના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લાલકૃષ્ણ અડવાણી પણ હતા. મેં નરેન્દ્ર મોદીની ઘણી રેલીઓમાં ઢોલ વાદન કર્યું છે.







### રજવાડી, ફાઇબર વગેરેના રેડ, બ્લ્યુ કલરના આકર્ષક ઢોલ જાતે બનાવે છે

કાદિરભાઈના મોટા દીકરા કાસીમભાઈએ જણાવ્યું કે અમે જાતે જ ઢોલ બનાવતા હોઈએ છીએ. આ વખતે અમે રજવાડી ઢોલ બનાવ્યા છે, લોકો જે કલરના ઢોલ બનાવવાનું કહે તે પ્રમાણેના કલર કાપડને યુઝ કરીને લાલ, વાદળી, ગ્રીન કલરમાં ઢોલ બનાવીએ. લાઈટિંગ વાળા અને ફાબર તથા સ્ટીલના ઢોલ પણ બનાવીએ. એક ઢોલ બનાવતા એક દિવસનો સમય લાગે.ઢોલ બનાવવામાં મસાલો યુઝ થાય તેનાથી ઢોલનો અવાજ નીકળતો હોય. લોકો કહે તે ડ્રેસ કોડ અને સાફા પહેરી અમારી 20થી 25 ઢોલ વાદકની ટિમ પ્રસંગોમાં જાય છે.

# સુરતી યુવતીઓના નેઇલ પર પણ ધુળેટીના કલર્સ, નેઈલ આર્ટનો નવો ટ્રેન્ડ

LifeStyle Trends

સુરતીઓ અત્યારે ફેસ્ટિવ મૂડમાં છે અને હોવાના જ ને કેમકે આજે ધુળેટી છે. આપણા રંગીલા અને ખુશમિજાજ સુરતીઓ તો કાંઈક ને કાંઈક નવું ઈનોવેટિવ કરવા ઉત્સાહી હોય જ. આ વખતે કલરફુલ ધૂળેટી સુરતી યુવતીઓના નેઈલમાં જોવા મળશે. રમતા બાળકો, હેપ્પી હોલી યુવતીઓના નખમાં આર્ટ થકી જોવા મળશે. યુવતીઓમાં હોળી ફેસ્ટિવલનું નેઈલ આર્ટ કરવાનો ટ્રેન્ડ વિશે આપણે જાણીએ...



### જો મધર હોય તો તે રંગોમાં રંગાયેલા નાના બાળકો દર્શાવતા નેઈલ આર્ટ કરાવે

યુવતીઓ મોટાભાગે કૃષ્ણ અને રાધાની આકૃતિ વાળા આર્ટ પોતાના નખ પર કરાવે છે અને જો મધર હોય તો તે રંગોથી રંગાયેલા નાના બાળકોની આકૃતિ નખ પર નેઈલ આર્ટના રૂપમાં ઉપસાવે છે. આવા નેઈલ આર્ટ જેલ પોલિશથી કરાતા હોય છે.

### નેઈલ આર્ટમાં રાધા કૃષ્ણ, હોળીકા અને પ્રહલાદના ચિત્ર

નેઈલ આર્ટમાં વિવિધ રંગોથી રંગાયેલા નટખટ કૃષ્ણ અને રાધા, હોળીકા અને પ્રહલાદના ચિત્ર તૈયાર કરાય છે. તે ખૂબ જ કલરફુલ લાગે છે અને યુવતીઓના નખોની સુંદરતા વધારે છે.





### છેલ્લાં બે વર્ષથી કલરફુલ ધૂળેટી નેઈલ આર્ટનો ટ્રેન્ડ છે: ઉન્નતિ પટેલ

ઉન્નતિ પટેલ નેઈલ આર્ટિસ્ટ છે. તેમણે જણાવ્યું કે 15થી 25 વર્ષની યુવતીઓ આવા ધૂળેટીની લગતા નેઈલ આર્ટ કરાવે છે. તેનો ટ્રેન્ડ સુરતમાં છેલ્લાં 2 વર્ષથી છે. ધુળેટીના બે દિવસ પહેલા યુવતીઓ આ પ્રકારના નેઈલ આર્ટ પોતાના નખ પર કરાવે છે. કોઈ યુવતીઓ એક જ હાથના નખ પર આ પ્રકારના આર્ટ કરાવે છે તો કોઈક યુવતીઓ બંને હાથ પર. તેને કરાવતા બે ત્રણ કલાક નો સમય તો લાગે જ છે.

# પાલિકાની સ્કૂલોના વિદ્યાર્થીઓ શીખશે વિદેશી ભાષાઓ, બનશે લેંગ્વેજ લેબ

વિદેશી ભાષાઓની માંગ વૈશ્વિક સ્તરે વધી રહી છે. એનું કારણ અનુવાદક અને દુભાષિયાની નોકરીઓ માટે વિશાળ તકો ઉભી થઇ રહી છે. આને કારણે સુરત મહાનગરપાલિકાએ એવો નિર્ણય લીધો છે કે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્કૂલોના બાળકોને વિદેશી ભાષાઓ શીખવાડવી જેથી તે અનુવાદક અને દુભાષિયા તરીકેની કરિયર બનાવી પોતાનું ભવિષ્ય ઘડી કરી શકે. આ માટે મનપા કમિશનરે 2025-26ના બજેટમાં જોગવાઈ કરી છે. આ બાળકોને માત્ર ફોરેન લેંગ્વેજીસ નહિ પણ વિવિધ પ્રાદેશિક ભાષાઓ શીખવાડવા માટે લેંગ્વેજ લેબ તૈયાર કરવામાં આવશે. અત્યારે તો ખાનગી સ્કૂલોના બાળકોને જ વિદેશી ભાષા શીખવા મળી રહી છે પણ હવે નજીકના દિવસોમાં પાલિકાની સ્કૂલોમાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને પણ વિદેશ લેંગ્વેજીસ શીખવાનો લાભ મળશે. તો ચાલો  મનપાની આ અનોખી પહેલ વિશે વિસ્તૃતમાં જાણીએ.




### વિદ્યાર્થીઓને મળશે આ લાભ

1. વિદેશી ભાષાઓ શીખવાથી વિદ્યાર્થીઓ માટે આંતરરાષ્ટ્રીય કંપનીઓમાં નોકરીની તકો મળશે
2. વિદેશમાં જઈને ઉચ્ચ શિક્ષણ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટે ભાષાઓ શીખવી ફાયદાકારક
3. પ્રાદેશિક ભાષાઓ શીખવાથી દેશના વિવિધ રાજ્યોમાં સરકારી અને ખાનગી ક્ષેત્રની નોકરીઓ મેળવવામાં સરળતા રહેશે
4. બહુભાષી વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ સાથે વિવિધ ભાષાઓમાં વાતચીત કરી શકશે જેથી તેમના વ્યક્તિત્વનો વિકાસ થશે.

### પાયલટ પ્રોજેક્ટ તરીકે 10 હજાર બાળકોને ફોરેન-રીજીયન લેંગ્વેજ શીખવાડાશે : મીના ગજ્જર, ડેપ્યુટી કમિશનર, મ્યુનિસિપલ કોર્પોરેશન

શરૂઆતમાં, સુમન શાળાઓમાં માત્ર વિદેશી ભાષાઓ શીખવવાની વિચારણા કરવામાં આવી રહી હતી, પરંતુ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર શાલિની અગ્રવાલે પ્રાદેશિક ભાષાઓ પણ શીખવવા માટે સમિતિ સમક્ષ પ્રસ્તાવ મૂક્યો હતો કારણ કે તેઓ માને છે કે પ્રાદેશિક અને વિદેશી બંને ભાષાઓ શીખીને વિદ્યાર્થીઓ દેશ અને દુનિયાના કોઈપણ ખૂણે પોતાનું સ્થાન બનાવી શકે છે. અત્યારે આ એક પાયલટ પ્રોજેક્ટ છે અને તેને કેવી રીતે લાગુ કરવો જોઈએ તે અંગે ચર્ચાઓ ચાલી રહી છે. જો બધું બરાબર રહેશે તો શહેરની મોંઘી શાળાઓની જેમ આપણી શિક્ષણ સમિતિની શાળાના વિદ્યાર્થીઓ પણ વિદેશી ભાષાઓનો અભ્યાસ કરી શકશે. પહેલા પાયલટ પ્રોજેક્ટ તરીકે 10 હજાર બાળકો પર આ અજમાવવામાં આવશે.

### આ ભાષા શીખવાડવામાં આવશે

પ્રાદેશિક ભાષામાં મરાઠી, તમિલ, તેલુગુ, કન્નડ, બંગાળી અને વિદેશી ભાષાઓમાં ફ્રેન્ચ, જર્મન, જાપાનીઝ, કોરિયન, સ્વિડિશ અને સ્પેનિશ જેવી ભાષાઓ શીખવવામાં આવશે. વિદ્યાર્થીઓને ભાષાના સાચા ઉચ્ચારણ અને વ્યાકરણ માટે પ્રશિક્ષિત શિક્ષકોની નિમણુંક કરાશે. જે રીતે સંસદમાં અનુવાદ માટે હેડફોનનો ઉપયોગ થાય છે તે રીતે વિદ્યાર્થીઓ માટે પણ વિવિધ ભાષા સમજાવવા ડિજિટલ લેબ અને હેડફોન ટેક્નોલોજીનો અમલ કરાશે. શિક્ષકોને ડિજિટલ લેબ ઓપરેશન્સ અને ભાષા શીખવવા માટે પણ તાલીમ આપશે.



### 6, 7 અને 8માં ધોરણના વિદ્યાર્થીઓને પ્રાદેશિક અને વિદેશી ભાષા શીખવાડાશે

આ અનોખી પહેલ હેઠળ 6, 7 અને 8માં ધોરણના વિદ્યાર્થીઓને બે કેટેગરીમાં પ્રાદેશિક અને વિદેશી ભાષા શીખવાડાશે. પાયલટ પ્રોજેક્ટ તરીકે શરૂઆતમાં 10000 વિદ્યાર્થીઓને આનો લાભ મળશે. આ પાયલટ પ્રોજેક્ટ સફળ થશે તો ભવિષ્યમાં તેનો વધુ વિસ્તાર કરાશે. આનો ઉદ્દેશ્ય ભવિષ્યમાં દેશ-વિદેશમાં રોજગારીની તકો પુરી પાડવાનો છે.

### મેરી સુરત દેખો આંખે

ગજેન્દ્ર મજીઠિયા

*‘સુરત’ - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં ‘સિટીપલ્સ’માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજીંદી જીવનશૈલીના આગવા પાસાઓને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશા છલકાશે!...*

## હોલી ખેલે સુરતી સુરત મેં, હોલી ખેલે સુરતી, રંગ લગાડે એકબીજાને, છાંટોપાણીની આવે ભરતી...




હોળી-ધૂળેટીનો છે મોટો તહેવાર, સુરતમાં અમે તો ઉજવીએ તેને ભારોભાર, રંગોની અમને નથી કોઈ કમી, સુરત તો છે ડાઈંગ હાઉસોની ભૂમિ.. મ્યુઝિક-મસ્તીની સાથે અમે ખેલીએ હોલી, ગાળોથી ભરેલી છે અમારી બોલી, ખાઈએ અમે ધાણી અને ચણા, દિલના છીએ અમે ચોખ્ખા ઘણા.. લગાડીએ એકબીજાને રંગ, અમે સુરતીઓ છે લહેરી સ્વભાવને સંગ, પીને અમે ગ્લાસભરીને ભાંગ, સદાય છે અમારી મોજમસ્તીની માંગ..